*This Question Paper contains 8 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : **100676**

# 203(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 39 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

1) કરાર પડતર પધ્ધતિનો ઉપયોગ -
   (A) સાબુ બનાવવાના ઉદ્યોગમાં
   (B) હોટલના ધંધામાં
   (C) મોટા બંધ બાધવાના ઉદ્યોગમાં

2) પડતરના હિસાબોમાં ન સમાવતી વિગત -
   (A) ભાડુવેરા (B) ઘાલખાધ અનામત
   (C) ઘાલખાધ

3) નાશવંત ચીજવસ્તુ માટે માલની જાવકની કઈ પધ્ધતિ છે ?
   (A) લીફો (B) ફિફો
   (C) ભારિત સરેરાશ

4) કાર્ય વેતન પ્રથા એટલે -

(A) ચોક્કસ ઉત્પાદન માટે ચુકવાતું વેતન

(B) વધારાનું બોનસ આપીને ચુકવતા વેતનની પધ્ધતિ

(C) ઉત્પાદન પ્રમાણે ચુકવવા વેતનની પધ્ધતિ

5) ફર્નિચર બનાવટમાં વપરાતું લાકડુ એ ....... છે.

(A) પ્રત્યક્ષ માલસામાન (B) પરોક્ષ માલસામાન

(C) પરોક્ષ ખર્ચા

6) કઈ પધ્ધતિમાં જથ્થા અને ભાવને મહત્વ આપવામાં આવે છે ?

(A) લિફો પધ્ધતિ (B) ભારિત સરેરાશ

(C) ફિફો પધ્ધતિ

7) વેચાણ વિભાગના વડાને શું કહેવાય ?

(A) વહીવટી અધિકારી (B) સ્ટોર અધિકારી

(C) વેચાણ અધિકારી

8) ફાળો =

(A) વેચાણ કિંમત + ચલિત ખર્ચા (B) વેચાણ કિંમત – ચલિત ખર્ચા

(C) વેચાણ કિંમત + સ્થિર ખર્ચા

9) માલસામાનના કુદરતી ગુણધર્મને લીધે જે બગાડ થાય તેને શું કહેવાય ?

(A) અસામાન્ય બગાડ (B) અસામાન્ય વધારો

(C) સામાન્ય બગાડ

10) અર્ધચલિત ખર્ચમાં સમાવેશ થાય છે -

(A) પ્રત્યક્ષ મજૂરી (B) સ્ટેશનરી ખર્ચ

(C) ટેલીફોન બિલ ખર્ચ

## વિભાગ - B

■ **નીચે આપેલા 11 થી 20 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

**11)** માલ સામાન માંગણી પત્રક એટલે શું ?

**12)** પડતરના મૂળ તત્વો જણાવો.

**13)** માલસિલક સામયિક ગણત્રી એટલે શું ?

**14)** નીચેના ઉદ્યોગમાં પડતરની કઈ પધ્ધતિ છે ?

(A) ઓઈલ રીફાઈનરી

(B) મોટા પુલ બાંધવા

**15)** પ્રાથમિક પડતર એટલે શું ?

**16)** ઓછી વસુલાત એટલે શું ?

**17)** ચલિત ખર્ચ એટલે શું ?

**18)** અનુત્પાદક સમય એટલે શું ?

**19)** અસામાન્ય વધારો એટલે શું ?

**20)** મજૂરી ચુકવવાની બે આધુનિક પધ્ધતિ જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા 21 થી 29 સુધીના માગ્યા મુજબ ઉત્તર આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[18]**

**21)** પ્રત્યક્ષ ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

**22)** અર્ધચલિત ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

**અથવા**

આદર્શ પડતર પધ્ધતિના ચાર લક્ષણો જણાવો.

23) બિનકાર્ડ એટલે શું ?

**અથવા**

લક્ષણ પ્રમાણે માલ સામાનના પ્રકાર જણાવો.

24) ફક્ત પડતરના હિસાબોમાં દર્શાવેલ ચાર વિગત જણાવો.

25) માલસિલક સતત ગણત્રીના બે લાભ જણાવો.

26) ફિફો પધ્ધતિના બે લાભ ગેરલાભ જણાવો.

**અથવા**

સ્થિર ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

27) મજૂર ફેરબદલી દરના ચાર કારણો જણાવો.

28) વહીવટી પરોક્ષ ખર્ચના ચાર ઉદાહરણ આપો.

29) પડતર હિસાબી પધ્ધતિના ચાર લાભ જણાવો.

**અથવા**

કાર્ય વેતન પ્રથા ક્યાં અનુકુળ છે ? તે જણાવો.

## વિભાગ - D

**નીચે 30 થી 33 પ્રશ્ન ટૂંકનોંધ પ્રકારના છે. દરેકના 3 ગુણ છે.** **[12]**

30) માલ સંગ્રહ અને જાળવણી સમજાવો.

31) પ્રત્યક્ષ પડતરમાં પ્રત્યક્ષ માલસામાન, પ્રત્યક્ષ મજૂરી (પ્રાથમિક પડતર), પ્રત્યક્ષ ખર્ચ સમજાવો.

32) હેલ્સી યોજનાના લાભ ગેરલાભ જણાવો.

33) ભારિત સરેરાશ પધ્ધતિના લાભ ગેરલાભ જણાવો.

**અથવા**

સીમાન્ત પડતર પધ્ધતિના ફાયદા જણાવો.

## વિભાગ - E

■ **નીચેના 34 થી 38 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. દરેકના 8 ગુણ છે.** **[40]**

**34)** Zee બી ની માહિતી પરથી માગ્યા મુજબ ઉત્તર આપો.

| | |
|---|---|
| એકમ દીઠ વેચાણ કિંમત | - રૂા. 500 |
| એકમ દીઠ ચલિત ખર્ચ | - રૂા. 230 |
| કુલ સ્થિર ખર્ચા | - રૂા.. 9,45,000 |

શોધો -

(1) સમતૂટ બિંદુ એકમમાં

(2) સમતૂટ બિંદુ રૂપિયામાં

(3) જો રૂ. 1,08,000 નફો કમાવવો હોય તો વેચાણ એકમ અને રૂપિયામાં

(4) રૂ. 1,08,000 નફા એ સલામતી ગાળો શોધો.

**35)** નીચેની માહિતી પરથી (1) વરદી સપાટી (2) ગુરુતમ સપાટી (3) લઘુતમ સપાટી (4) ભય સપાટી શોધો.

| | |
|---|---|
| માલ સામાનનો વધુમાં વધુ વપરાશ | - 500 એકમો |
| માલ સામાનનો ઓછામાં ઓછો વપરાશ | - 300 એકમો |
| સામાનનો સામાન્ય વપરાશ | - 350 એકમો |
| માલ મેળવતા લાગતો સમય | - 20 થી 30 દિવસ |
| આર્થિક વરદી જથ્થો | - 4200 |
| તાત્કાલિક ખરીદીમાં લાગતો વધુમાં વધુ સમય | - 5 દિવસ |

**36)** એક કામદારને એક કામ પુરુ કરવા 50 કલાકનો સમય આપવામાં આવ્યો. તે કામ ખરેખર 35 કલાકમાં પુરુ કરે છે. વેતનદર કલાક દીઠ 12 રૂ. છે. મોંઘવારી જથ્થાનો દર કલાકદીઠ 3·50 રૂ. છે તો સમય વેતન કાર્યવેતન હેલ્સી યોજના અને રોવેન યોજના મુજબ વેતન શોધો.

**37)** લક્ષ્મી નારાયણ બી ની માહિતી પરથી મેળવણી પત્રક તૈયાર કરો.

| | | (રૂ.) |
|---|---|---|
| (1) | પડતરના હિસાબો મુજબ નફો | 3,68,000 |
| | તથા નાણાકિય ક્રય હિસાબો મુજબ નફો | 2,94,000 |

(2) વહીવટી પરોક્ષખર્ચની ઓછી વસૂલાત 35,000

(3) પડતરના હિસાબોમાં પોતાની માલીકીના મકાનનું ગણેલ ભાડુ 26,000

(4) નાણાકિય હિસાબમાં નોંધેલ મિલકતની ખોટ 48,000

(5) પડતરના હિસાબોમાં ઉધારેલ ઘસારો 26,000
હતો જ્યારે ખરેખર ઘસારો 19,000

(6) પડતરના હિસાબોમાં કારખાના ખર્ચા 46,000
જ્યારે ખરેખર ખર્ચા 60,000

(7) પડતરના હિસાબોમાં છેવટનો સ્ટોક 40,000
નાણાંકિય હિસાબોમાં છેવટનો સ્ટોક 18,000

(8) નાણાંકિય હિસાબોમાં નોંધેલ શેર ફેરબદલી ફી 12,000

**38)** માધવ બીની નીચેની માહિતીપરથી પરોક્ષ ખર્ચોના યોગ્ય આધાર લઈ ફાળવણી કરો..

| | રૂા. | | રૂા. |
|---|---|---|---|
| ભાડુવેરા | 8,000 | પાવર | 9,000 |
| પ્લાન્ટ રીપેરીંગ | 6,000 | જાહેરાત | 12,600 |
| દીવાબત્તી | 1,200 | સુપરવિજન ખર્ચ | 12,000 |
| કેન્ટીન ખર્ચ | 7,200 | | |

**વધારાની માહિતી :**

| વિગત | A | B | C | D |
|---|---|---|---|---|
| કામદારની સંખ્યા | 8 | 6 | 6 | 4 |
| હોર્સપાવર | 6 | 6 | 3 | — |
| યંત્ર કિંમત (રૂા.) | 2,40,000 | 1,80,000 | 1,20,000 | 60,000 |
| રોકેલજગ્યા (ચો.ફુ.) | 1,500 | 1,100 | 900 | 500 |
| લાઈટના પોઇન્ટ | 6 | 4 | 3 | 2 |
| વેચાણ (રૂા.) | 1,10,000 | 60,000 | 40,000 | — |

અથવા

ઓધવ બીની માહિતીપરથી ભારીત સરેરાશ પધ્ધતિએ સ્ટોકપત્રક તૈયાર કરો.

| તારીખ | આવક એકમ | ભાવ (રૂ.) | તારીખ | જાવક એકમ |
|---|---|---|---|---|
| 1-1-2014 | 2,000 | 4 | 4-1-2014 | 5,000 |
| 2- 1-2014 | 4,000 | 5·50 | 8-1-2014 | 8,000 |
| 6-1-2014 | 9,000 | 6 | 24-1-2014 | 4,000 |
| 16-1-2014 | 3,000 | 7 | | |

## વિભાગ - F

■ **પ્રશ્ન 39 નિબંધ પ્રકારનો પ્રશ્ન છે.** **[10]**

**39)** એક વસ્તુ બે પ્રક્રિયામાંથી પસાર થાય છે. પ્રક્રિયાઓમાં 10,000 એકમો 2 રૂા. ના ભાવે દાખલ કરવામાં આવ્યા.

વધારાની માહિતી :

| વિગત | પ્રક્રિયા A | પ્રક્રિયા B |
|---|---|---|
| વધારાનો માલસામાન (રૂા.) | 5,000 | 5,000 |
| પ્રત્યક્ષ મજૂરી (રૂા.) | 2,800 | 4,200 |
| પરોક્ષ ખર્ચ (રૂા.) | 3,700 | 7,900 |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના) | 10% | 10% |

પ્રક્રિયા - A અને B ના ખાતા તૈયાર કરો.

અથવા

કેશવાય બીની માહિતીપરથી પડતરનું પત્રક તૈયાર કરો.

| | |
|---|---|
| કાચા માલનો શરૂનો સ્ટોક | રૂા. 40,000 |
| કાચા માલનો છેવટનો સ્ટોક | રૂા. 45,000 |
| તૈયાર માલનો શરૂનો સ્ટોક | રૂા. 75,000 |
| તૈયાર માલનો છેવટનો સ્ટોક | રૂા. 90,000 |

| | |
|---|---|
| કાચા માલની ખરીદી | રૂા. 3,10,000 |
| પરોક્ષ મજૂરી | રૂા. 13,000 |
| સેલ્સમેનને કમીશન | રૂા. 20,000 |
| ડ્રોઈંગ ઓફિસ પગાર | રૂા. 22,000 |
| આવકમાલ ગાડાભાડું | રૂા. 16,000 |
| પ્રત્યક્ષ મજૂરી | રૂા. 75,000 |
| ઓફિસ કર્મચારી પગાર | રૂા. 35,000 |
| યંત્ર ઘસારો | રૂા. 10,000 |
| ટેલીફોન ખર્ચ | રૂા. 8,500 |
| પાવર બળતણ | રૂા. 35,000 |
| ડિલીવરી વાન નિભાવ ખર્ચા | રૂા. 12,000 |
| તાર ટપાલ ખર્ચા | રૂા. 2,500 |
| ઘોડીયાઘરના ખર્ચા | રૂા. 6,000 |
| વેચાણ મેનેજર પગાર | રૂા. 60,000 |
| ઘાલખાધ | રૂા. 2,000 |
| વેચાણ | રૂા. 6,60,000 |

◆◆◆